# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives



## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

**July 2025 | Issue No. 68 | A monthly newsletter**

"સમાવિષ્ટ સમુદાય તરફની અમારી સફરમાં આપનું સ્વાગત છે"

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમાવેશી સમુદાયની સફરના પ્રયાસોની અહી ઝાંખીને પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ કાર્યના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકો તથા આપ દ્વારા આ દિશામાં અમોને સતત સહયોગ અને અભિપ્રાય મળી રહે તેવી અપેક્ષા છે.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## સોફિયા હિંમત અને ખંતનું પ્રતિક છે.



૧૭ વર્ષીય સોફિયાને મળવા જેવું છે. એ આપણને સંઘર્ષની સામે કઈ રીતે હિંમત, આત્મવિશ્વાસ અને માર્ગદર્શન, સહાય દ્વારા એક જિંદાદિલ જિંદગી અને અને પોતાની ઓળખ બનાવી શકાય છે તે માટે પ્રેરણા આપનાર છે.

પ્રભાત સાથેની તેની સફર વિકાસ અને સહયોગનું એક સુંદર ઉદાહરણ છે. તેના શરૂઆતના વર્ષો સ્વાસ્થ્ય સમસ્યાઓથી ભરેલા હતા, તેને ખેંચને લીધે તેની આંખો અને સ્પીચ બંનેમાં અસર થઇ. પરંતુ આ કડવી વાસ્તવિકતાને સ્વીકારીને પરિવારે મજબૂતાઈથી તેને ટેકો કર્યો. સાથે પ્રભાત સાથેના તેના જોડાણથી, સોફિયાના જીવનમાં એ પ્રગતિની સફર શરૂ કરી.



પ્રભાતના સેન્ટર પર સોફિયા તેના ઉત્સાહ અને અન્ય માટે હંમેશા મદદ કરવા માટે જાણીતી છે. તેની નબળી દૃષ્ટિ હોવા છતાં, તે ઘણીવાર તેના સાથીદારોને મદદ કરે છે. આ સાથે પ્રભાત દ્વારા તેની ક્ષમતાને ધ્યાનમાં રાખીને હંમેશા પદ્ધતિ પૂર્વક આયોજન અને હસ્તક્ષેપ થયેલ છે. તેની ક્ષમતાઅને સંભાવનાઓ ને જોઇને તેની સાથે કાર્ય કરવામાં આવ્યું છે.

શિક્ષણ, કળા, કોમ્પ્યુટર દરેક ક્ષેત્રમાં તેને પ્રશિક્ષિત કરવામાં આવી છે. તથા જરૂરી જીવન શૈલીને લઈને પણ તેને સ્વાવલંબી બનાવવામાં આવી છે. જેના લીધે આજે તે આત્મવિશ્વાસથી ૧૦૦ સુધીના આંકડા લખી અને બોલી શકે  શકે છે, મહત્વપૂર્ણ માહિતી યાદ રાખી શકે છે, કલા અને હસ્તકલામાં પણ એટલી જ ઊંડી રુચિ છે ઉપરાંત, તેણે ચિત્રકામ, કાગળકામ કરવાની કળા પણ તેણે વિકસિત કરી છે.

સોફિયાએ રમતગમતમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે, અમદાવાદમાં ખેલ મહાકુંભમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને હિંમતનગરમાં રાજ્ય સ્તરે રજત ચંદ્રક જીત્યો હતો. આ ઉપરાંત ગયા વર્ષે યોજેલ ફેશન શોએ તેની પ્રતિભા અને આત્મવિશ્વાસ ને બમણો કરવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો.

પ્રભાતના માર્ગદર્શનથી, તેણીને માત્ર શૈક્ષણિક સહાય જ નહીં, પરંતુ એમ-આર કીટ, પાપડ મશીન અને ટ્રાવેલ પાસ જેવા વ્યવહારુ સાધનો પણ મળ્યા છે જે તેને આત્મનિર્ભર બનવા તરફ આગળ લઇ જાય છે. સોફિયા હિંમત અને ખંતનું પ્રતિક છે. સોફિયાની આ સફરમાં  પડકારને જીતવા માટે તેની હિમ્મત અને આત્મવિશ્વાસની સાથે  પરિવાર અને પ્રભાત દ્વારા મળેલ મજબુત સમર્થન પણ મહત્વની ભૂમિકાભજવેલ છે એમાં બે મત નથી.

**તૈયાર કરનાર : જીગીષા બેન બારીઆ - એજ્યુકેટર**

## કાર્યક્રમની ઝલક



**રાખડીનો જાદુ!** :   પ્રભાતના દરેક સેન્ટરમાં રક્ષાબંધનની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. બાળકો તેના પરિવારો ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓના પ્રેમાળ સહયોગને લીધે સુંદર, હાથથી બનાવેલી રાખડીઓ બનાવવામાં વ્યસ્ત છે. પ્રેમના આ ખાસ દોરા ગૂંથતી વખતે તેમની સર્જનાત્મકતા અદ્ભુત છે તેનો ખ્યાલ આવે ! આવતા મહિનાના રોશનીના અંકમાં ઉત્સવની આનંદભરી અપડેટ માટે આપ અમારી સાથે બની રહેશો !

---

**નવા પ્રવેશ : મુખ્ય પ્રવાહની  સફળતામાં વધુ એકનો ઉમેરો !** :  પટેલ આઈઝા અને ફૈઝલને અનુપમ (સ્માર્ટ) પ્રાથમિક શાળા નંબર 2 માં ધોરણ 1 માં અને ગુજરાતી/ઉર્દૂ શાળા નંબર 2 માં ધોરણ 5 માં મુખ્ય પ્રવાહની શાળામાં પ્રવેશ મેળવવા બદલ અભિનંદન.

**અસેસમેન્ટ બાળકના વિકાસ માટે સમયાંતરે ચાલતી મહત્વની પ્રક્રિયા**



આગળના રોશની ના અંક માં જણાવ્યા મુજબ, પ્રભાતના કેન્દ્રો પર સાયકોલોજી અને સ્પીચ અસેસમેન્ટ હાથ ધરવામાં આવ્યું હતું, ત્યારબાદ માતાપિતા સાથે બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભાઈપુરામાં, 40 બાળકો, કાંકરિયા શાળા નંબર 8 ના રિસોર્સ રૂમ 22 બાળકો અને બેરલ માર્કેટમાં 44 બાળકોનું સાયકોલોજી અને સ્પીચ અસેસમેન્ટ થયું. જ્યારે વટવા સેન્ટરમાં, 38 બાળકોનું સાયકોલોજી અને 25 બાળકોનું સ્પીચ અસેસમેન્ટ નિષ્ણાંતો દ્વારા કરવામાં આવ્યું. આ સાથે હોમ બેઝ કાર્યક્રમના બાળકોનું પણ આ અસેસમેન્ટ માં સમાવેશ કરવામાં આવ્યું હતું.



**આંખની તપાસ માટે કેમ્પ** : લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન હોસ્પિટલ દ્વારા આયોજિત "બાળકો માટે દૃષ્ટિ" આંખ તપાસ શિબિર કાંકરિયા ગુજરાતી શાળા નંબર 8 ખાતે યોજાઈ હતી. રિસોર્સ રૂમના બાળકોએ પણ તેમના સાથીદારો સાથે પોતાની તપાસ કરાવી હતી. બાળકોની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા અને સમજવા માટે આચાર્ય બિરજુબેન સહિત SSA શિક્ષકો હાજર રહ્યા હતા. ઉપરાંત, SSA શિક્ષકોના સહયોગથી આગામી શૈક્ષણિક વર્ષ માટે નવા પ્રવેશની પ્રક્રિયા ચાલી રહી છે.



**સુપરમાર્કેટમાં થયેલ બાળકોનો રોમાંચક અનુભવની ઝલક** : વટવા સેન્ટરના બાળકોએ આ મહિને સ્થાનિક સુપરમાર્કેટ મોલમાં મુલાકાત કરી હતી. મુલાકાત પહેલાં, માતાપિતાને તેમના બાળકોને એક કે બે ઘરગથ્થુ વસ્તુઓ પસંદ કરવા માટે માર્ગદર્શન આપવાનું કહેવામાં આવ્યું હતું જે તેઓ ખરીદતા શીખશે. ઘણા બાળકો માટે, આ તેમનો મોલમાં ખરીદી કરવાનો પહેલો અનુભવ હતો, અને ઉત્સાહ પણ ખુબ હતો. કેટલાક બાળકો એકસાથે આટલી બધી પસંદગીઓની વસ્તુઓ જોઇને આશ્ચર્યચકિત થઈ ગયા હતા, ત્યારે પોતે શું ખરીદશે તેના માટે તેમણે વિચારવાનું શરુ કર્યું. આ પ્રક્રિયા ખરેખર ખુબ જ મહત્વની રહી હતી. તેમણે ખરીદીમાં પોતાના પૈસાનું મુલ્ય અને મહત્વ બંને સમજ્યું અને પરિણામે વસ્તુની સાવચેતી પૂર્વક પસંદગી કરી. આ વ્યવહારિક દુનિયાના અનુભવો તેમના વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

જાહેર સ્થળોએ ફરવા જવું, પૈસાનું સંચાલન કરવું અને યોગ્ય પસંદગીઓ કરવાથી તેમના વિકાસ માટે જરૂરી આત્મવિશ્વાસ અને સામાજિક કૌશલ્યોનો વિકાસ થાય છે



**સાઉન્ડ થેરાપી: ટીમની સુખાકારી તરફનું ડગલું** : પ્રભાતનું કાર્ય ટીમ માટે ચોક્કસ અનેક માનસિક અને ભાવનાત્મક જોડાણ વાળું છે જેને લીધે ટીમને તેની માનસિક સુખાકારી માટે ચોક્કસ આયોજન કરવામાં આવે છે. જેને લીધે ટીમ સતત ઉર્જા અને માનસિક રીતે મજબુત થઈને કાર્ય કરી શકે. જેના ભાગરૂપે ડૉ. પૂર્ણિમા અને ડૉ. હેતલ દ્વારા સાઉન્ડ થેરાપી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આધુનિક પદ્ધતિ ઘણા લોકો માટે નવી હોવા છતાં, ટીમ પર ઊંડી અસર કરી હતી.

## હિમાયત (એડવોકસી )



**સમાવિષ્ટ શિક્ષણ પર સંશોધન અપડેટ** : સમાવિષ્ટ શિક્ષણ પરના પ્રભાતના ચાલુ શ્વેતપત્રના ભાગ રૂપે, ટીમે આ મહિને વટવા સેન્ટર ખાતે એક સર્વે હાથ ધર્યો હતો. અપંગ વ્યક્તિઓ અને તેમના માતાપિતા/સંભાળ રાખનારાઓ સાથેની વાતચીતથી મૂલ્યવાન આંતરદૃષ્ટિ મળી જેણે અભ્યાસ સામગ્રીને સમૃદ્ધ બનાવી અને તેની ભલામણોને મજબૂત બનાવી.

## ઇન્ટર્નશીપ

NID ના પ્રોડક્ટ ડિઝાઇન વિભાગના 19 વિદ્યાર્થીઓ ટીમ સાથે ઘરે ઘરે ગયા. તેઓએ બાળકોની દિનચર્યા અને પરિવારો તેમના રોજિંદા જીવનમાં કેવા ફેરફારો કરે છે તે સમજવા માટે માતાપિતા સાથે વાતચીત કરી. બાદમાં, વિદ્યાર્થીઓને વિવિધ રૂમમાં વર્ગખંડમાં નિરીક્ષણ માટે પ્રભાત સેન્ટર પર લાવવામાં આવ્યા. આ મુલાકાત રચનાત્મક ચર્ચા સાથે પૂર્ણ થઈ, જેનાથી તેમને પ્રતિભાવ શેર કરવાની અને તેમના અનુભવો પર ચિંતન કરવાની તક મળી.



CBID કોર્સ કરી રહેલા CRC વિદ્યાર્થીઓએ આ મહિને પણ પ્રભાત સાથે તેમની ઇન્ટર્નશિપ ચાલુ રાખી. તાલીમ દરમિયાન, દિવ્યાંગ પુનર્વસન કેન્દ્રની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં તેઓએ વ્યવહારુ પ્રદર્શન દ્વારા દિવ્યાંગજનો માટે નાગરિક પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયાનું અવલોકન કર્યું.




## ડોકિયું - મુલાકાત :



પ્રભાતના કાર્યને વધુ સારી રીતે સમજવા માટે S&P ગ્લોબલના પ્રતિનિધિઓએ ભાઈપુરા સેન્ટર ની મુલાકાત લીધી.



લાયન્સ ક્લબના પ્રતિનિધિઓએ બાળકો દ્વારા પ્રદર્શનમાં હાજરી આપી અને બધા વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કર્યું.



ઇવોલ્વ નેટવર્કના સભ્યો દ્વારા પ્રભાતના કાર્યને સમજવા માટે સેન્ટરની મુલાકાત કરવામાં આવી.

## નેટવર્કીંગ

**બડી ઈન્ટરેકશન અભિગમથી શિક્ષણના અધિકાર પર એક વ્યવહારુ દ્રષ્ટિકોણ** : રિવરસાઇડ સ્કૂલના ધોરણ 5 ના વિદ્યાર્થીઓને બાળ અધિકાર અને શિક્ષણના અધિકાર ને વ્યવહારિક રીતે સમજવા માટે શાહવાડીમાં મહાવીર અને એલેક્સ સ્કૂલની મુલાકાત લીધી હતી. અહી પ્રભાતના ડાયરેક્ટર શ્રી કેશવ જી દ્વારા કાયદાને વ્યવહારિક રીતે સમજવામમદદ કરવાનો હતો. વર્ગખંડના તાલીમ સત્રોથી લઈને ઇન્ટરેક્ટિવ ચર્ચાઓ સુધી, તેઓએ નીતિઓ શિક્ષણને કેવી રીતે આકાર આપે છે તેના પર ઊંડો દ્રષ્ટિકોણ મેળવ્યો.



## મારી વાત

**પ્રભાતના ' સિતારાઓએ ' સિતારે ઝમીન ફિલ્મ નિહાળી** : પ્રભાતના બાળકો 'સિતારે ઝમીન પર' જોવા ગયા હતા. ફિલ્મના કેટલાક ભાગો સમજવા મુશ્કેલ હોવા છતાં, સંગીત તેમના હૃદયને સ્પર્શી ગયું. તેમને ડાન્સ કરવા પ્રેરિત કરતુ હતું. આવા પ્રસંગો બાળકને પોતાની લાગણી અભિવ્યક્ત કરવાનું માધ્યમ બને છે.



## ક્ષમતાવર્ધન





**સમાવિષ્ટ આંગણવાડીના કાર્યને મજબૂત બનાવવું :** પ્રભાતના સતત ચાલુ ક્ષમતા નિર્માણ પ્રયાસોના ભાગ રૂપે, સમાવિષ્ટ આંગણવાડી અન્વયે ટીમે પુણેમાં વિપ્રો ફાઉન્ડેશન દ્વારા આયોજિત અને પ્રગતિ શિક્ષણ સંસ્થાન દ્વારા આયોજિત વર્કશોપમાં સહભાગી બન્યા હતા. જેમાં સમાવેશી વર્ગખંડ પ્રથાઓ, રમતિયાળ શિક્ષણ પ્રવૃત્તિઓ અને બાળકો માટે સહાયક વાતાવરણ બનાવવા માટેની વ્યૂહરચનાઓ પરના સત્રોમાં સક્રિયપણે ભાગ લીધો હતો. પ્રગતિ શિક્ષણ સંસ્થાન સાથે આવી સતત તાલીમ અમારી ટીમને વ્યવહારુ સાધનો અને અભિગમોથી સજ્જ કરી રહી છે જે આંગણવાડીઓ સાથેના અમારા કાર્યમાં સીધા સુધારો કરે છે, તેમને વધુ સમાવિષ્ટ બનાવે છે અને દરેક બાળક માટે પોષણ આપે છે.

## ઘરોબો



**વાલી સંગઠનની દિશામાં અસરકારક પ્રક્રિયા:** બાળકો સાથે તેમના પરિવારોની ભાગીદારી પણ પ્રભાત માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. તેને ધ્યાને રાખીને વાલી સંગઠન તરફ આગળ વધી રહ્યા છીએ. આ 'પેરેન્ટ એસોસિએશન' માતાપિતા સાથે જોડાણ વધારવા માટે રચાયેલ સહાયક જૂથો છે, જેઓ વિકાસલક્ષી વિલંબવાળા બાળકો માટે સમાવિષ્ટ વાતાવરણ બનાવવામાં મુખ્ય ભાગીદારો છે. જેના ભાગરૂપે માતાઓ સાથે રચનાત્મક કાર્યશાળા કરવામાં આવી હતી. જેમાં તેમને માહિતી ની સાથે વ્યક્તિગત સ્તરે તેમના માં આત્મવિશ્વાસ વધે તે માટે પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

મગજનો લકવો અને ડાઉન સિન્ડ્રોમ જેવી વિકલાંગતાને સમજવા, પ્રારંભિક લક્ષણો ઓળખવા અને માતાપિતા દ્વારા સામનો કરવામાં આવતા રોજિંદા પડકારોને પર ઉકેલ તરફ સંવાદ અને ફિઝીયોથેરાપી કસરતો પણ રજૂ કરવામાં આવી હતી. ઉપરાંત તેને અનુલક્ષીને સરકારી યોજનાઓ પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ સમગ્ર પ્રક્રિયા વિવિધ પ્રવૃતિઓ દ્વારા કરવામાં આવી હતી જેને લીધે માતાઓ હળવા થઈને પોતાના વિચારો ખુલ્લી રીતે વ્યક્ત કરી શક્યા હતા. એકબીજા સાથે અનુભવ ના આદાનપ્રદાન થી એક પોતે ગ્રુપ તરીકે અનુભવ કર્યો હતો. ભવિષ્યમાં આ દિશામાં રણનીતિપૂર્વક આગળ વધવામાં આવશે.

## એક દિન પ્રભાત કે નામ



પ્રભાત દ્રઢતા પૂર્વક માને છે કે, ખરો આનંદ 'દાન' માં નહિ પણ ખુશીઓને સાથે વહેંચવામાં છે. જેને લીધે પ્રભાત એ દરેક શુભચિંતકો નો અંતઃકરણ પૂર્વક આભાર માને છે કે જેમણે પોતાના યાદગાર દિવસ ને પ્રભાત ના બાળકો સાથે પસાર કર્યો છે.



## સહાયક સેવાઓ

રેલ્વે પાસ માટેના ફોર્મ -05, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -06, ભરવામાં આવ્યા.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS